ગાંધીનગર સમાચાર

# હિંમતનગરમાં દલિત સમાજની મહારેલી યોજાઈ





હિંમતનગર, તા. ૨૫

સમઢિયાળા ગામે દલિત યુવાનો ઉપર થયેલા અત્યાચારના પડઘા રાજ્ય સહિત સમગ્ર દેશમાં પડવા પામ્યા છે. જેના ભાગરૂપે આજે સોમવારે દલિત સેના સાબરકાંઠા દ્વારા હિંમતનગર ખાતે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં દલિત સમાજના લોકો જોડાયા હતા. રેલી આંબેડકર સર્કલથી નીકળી કલેક્ટર કચેરી પહોંચી હતી. જ્યાં કલેક્ટર પી. સ્વરૂપને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

દલિત સેના દ્વારા આજે હિંમતનગર બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેને લઈ શહેરની તમામ દુકાનો અને ધંધા રોજગાર વેપારીઓએ બંધ રાખી દલિત સમાજને સમર્થન કર્યું હતું. રેલીમાં દલિત સેનાના પ્રમુખ કરસનભાઈ મકવાણા, મહામંત્રી મુજીભાઈ મકવાણા સહિત દલિત સમાજના અગ્રણીઓ કે.એલ. પરમાર, ભગવાનદાસ પરમાર, દિનેશભાઈ પરમાર, વસંતભાઈ ભાંભી સહિત આગેવાનો જોડાયા હતા.

# ધાનેરા ફરીવાર બીમારીના ભરડામાં







## હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ : એક તરફ ગંદકી તો બીજી તરફ બીમારીથી પીડાઈ રહ્યા છે લોકો : જિલ્લાના કલેક્ટર તપાસ કરાવે નહીંતર ફરીવાર પણ ધાનેરામાં રોગચાળો ફાટી નીકળશે

ધાનેરા, તા. ૨૫

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન એક તરફ સફાઈ અભિયાનના મોટા મોટા કાર્યક્રમો કરી લાખો કરોડોનો ધુમાડો કરી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં લોકો ગંદકી અને બીમારીથી પીડાઈ રહ્યા છે. ધાનેરામાં જો ફરીવાર પણ મોટો રોગચાળો ફાટી નીકળે અને મોટી જાનહાની સર્જાય તો કોઈ નવાઈની વાત ન કહેવાય.

બનાસકાંઠા જિલ્લામાં ગંદકીના કારણે અગાઉ પણ કોલેરા જેવો ભયાનક રોગચાળો ફાટી નીકળ્યો હતો. જેમાં ૧૦ જેટલા લોકો મોતને ભેટ્યા હતા. અને ૧૦૦૦ કરતા પણ વધારે લોકો આ રોગચાળાનો ભોગ બન્યા હતા ત્યારે હવે ફરીવાર પણ ધાનેરામાં રોગચાળો ફાટી નીકળવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ધાનેરા શહેરમાં જ્યાં જુઓ ત્યાં ગંદકી જ ગંદકી જોવા મળી રહી છે. પાલિકા દ્વારા સફાઈના બહાને શહેરની મોટાભાગની ગટરો તોડી નાંખવામાં આવી છે. માટે ગટરોનું પાણી રસ્તા પર આવી ગયું છે. ત્યારે લોકો આજે પણ મીડિયા સમક્ષ પાલિકાને આજીજી કરી રહ્યા છે ગંદકી દૂર કરવા માટે લોકો ગંદકીના કારણે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વારંવાર તંત્રને જાણ કરવા છતાં પણ તંત્ર દ્વારા ગંદકીનો કોઈજ નિકાલ કરવામાં નથી આવતો. શહેરની તમામ ગટરો ગંદકીથી ઉભરાવવા લાગી છે. ત્યારે આજે ધાનેરા ફરી એક વાર બીમારીમાં સપડાયું છે અને ધાનેરાની હોસ્પિટલો દર્દીઓથી ઉભરાવવા લાગી છે અને લોકો ગંદકીના કારણે બીમારીથી પીડાઈ રહ્યા છે.

ધાનેરામાં ફરીવાર કોઈ મોટો રોગચાળો ન ફેલાય અને મોટી જાનહાની ન સર્જાય તે માટે જિલ્લાના કલેક્ટર આ બાબતે તટસ્થ તપાસ કરાવી ગંદકી દૂર કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# અરવલ્લી જિલ્લાના કેટલાક વિસ્તારમાં મેઘરાજાની રી-એન્ટ્રી

## હળવા અને ભારે વરસાદી ઝાપટા પડ્યા : વાતાવરણમાં ઠંડક પ્રસરી







મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં જુલાઈના પ્રથમ અને દ્વિતીય સપ્તાહમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. મેઘમહેરથી જિલ્લાના ભૂમિપુત્રો અને પ્રજાજનોમાં હાશકારાનો અનુભવ થયો હતો. પરંતુ છેલ્લા દસ દિવસથી મેઘરાજાએ વિરામ લેતા જિલ્લાના પ્રજાજનો અને ખેડૂતોમાં ચિંતાની લકીરો તણાઈ હતી. અસહ્ય બફારા અને ઉકળાટથી લોકો તોબા પોકારી ઉઠ્યા હતા ત્યારે રવિવારે અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં એકાએક પલટો આવતા જિલ્લાના અનેક વિસ્તારોમાં રવિવારે સાંજના સુમારે અને રાત્રી દરમિયાન હળવાથી ભારે ઝાપટા પડ્યા હતા. વરસાદી જાપટાથી વાતાવરમણાં ઠંડક પ્રસરી હતી.

કેટલાક દિવસોથી મેઘરાજાએ વિરામ લેતા રવિવારે સવારથી અસહ્ય બાફ અને ઉકળાટના કારણે લોકો તોબા પોકારી ગયા હતા ત્યારે રવિવારે સાંજના સુમારે આકાશે એકાએક કાળા ડિબાંગ વાદળો ઘેરાતા અને જિલ્લાના અનેક વિસ્તારોમાં હળવાથી ભારે ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જિલ્લાની પ્રજા ચાતક નજરે મેઘ મહેરની રાહ જોઈ રહી છે. ગત દિવસોમાં મેઘ મહેરના બે રાઉન્ડ છતાં જિલ્લાના જળાશયો, તળાવોમાં જરૂરી પાણીના જથ્થાની આવક ન થતા ચીંતા પ્રસરી છે. જિલ્લાના મોડાસા, મેઘરજ, માલપુર તેમજ ધનસુરા તાલુકામાં વરસાદી ઝાપટા થતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો.

ખેડૂતોએ મોંઘામુલા બિયારણ અને દવાઓનો ઉપયોગ કરી પાકની વાવણી કરનાર ભૂમિપુત્રોને રવિવારે સાંજના અને રાત્રીના સુમારે થયેલા વરસાદી ઝાપટાથી જીવતદાન મળતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. જિલ્લાના પ્રજાજનોના જણાવ્યા અનુસાર જિલ્લામાં વરસાદની રાહ જોઈ પ્રજાજનો થાકી ગયા છે ત્યારે મેઘરાજાની પધરામણી અવિરત થાય તો જ લોકોને અસહ્ય બાફ અને ઉકળાટથી છુટકારો મળી રહે તેમ છે. ઉપરાંત ભૂમિપુત્રો પણ હવે મેઘરાજાના ધમાકેદાર આગમનની રાહ જોઈને બેઠા હોય તેવુ લાગી રહ્યું છે.

### મેઘરજના સીસોદરા ગામે બળાત્કારનો ભોગ બનનાર

# સગીરાના પિતા પોલીસમથકે આમરણાંત ઉપવાસ પર બેઠા

મેઘરજ, તા. ૨૫

મેઘરજ તાલુકાના સીસોદરા(મે) ગામે બે માસ અગાઉ સગીરા ઉપર બળાત્કાર ગુજારાયો હતો જે ઘટનાની મદદગારી કરનાર આરોપીઓ આજ દિન સુધી પોલીસ પકડથી દૂર હોઈ આરોપીઓ ઝડપથી પકડાય તે માટે સગીરાના પિતા અને પરિવાર સાથે મેઘરજ પોલીસ સ્ટેશને ઉપવાસ પર બેઠા હતા.



મેઘરજના સીસોદરા(મે) ગામે ગત તા. ૨૫-૫-૧૬ના રોજ મેઘરજના ઈસમ દ્વારા સગીરાનું કારમાં અપહરણ કરી મેઘાઈ માતાના મંદિર પાસેના બાથરૂમમાં લઈ જઈ બળાત્કાર ગુજારાયો હતો. જે બાબતે બળાત્કારનો મુખ્ય આરોપી અને મદદગારીનો આરોપી એમ મળી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે બીજા બે આરોપીઓ ઘટનાના બે માસ થવા છતાં ન ઝડપાતા સગીરાના પિતા અને પરિવારજનો દ્વારા સોમવારના રોજ સવારે ૧૧ કલાકે મેઘરજ પોલીસ સ્ટેશન આગળ ઉપવાસ પર બેસી જતાં આ કેસની તપાસ કરતા અધિકારી સીપીઆઈ ઝાલા તાત્કાલિક એક આરોપીને પકડીને મેઘરજ ખાતે આવી પહોંચ્યા હતા. પરંતુ મામલતદાર મેઘરજે આરોપીના ઓળખ પરેડ માટે મંગળવારનો સમય આપતાં મંગળવારના રોજ આ પકડાયેલ આરોપીને ઓળખ પરેડ માટે મામલતદાર કચેરી ખાતે રજુ કરવામાં આવશે.

જ્યારે બીજો એક આરોપી ઝડપથી પકડાઈ જશે તેવી સાત્વના સગીરાના પિતા અને પરિવારજનોને તપાસકર્તા અધિકારીએ આપી હતી. જેથી સગીરાના પિતાએ બપોર પછી ઉપવાસ છોડી અન્ન પાણી ગ્રહણ કર્યા હતા અને સગીરાના પિતાએ વધુમાં જણાવ્યું હતું કે મને ન્યાયતંત્ર ઉપર સંપુર્ણ ભરોસો છે અને મને યોગ્ય ન્યાય મળશે એવી આશા રાખુ છુ.

# અરવલ્લી જિલ્લાની માધ્યમિક શાળાના ૧૦૦૦થી વધુ દલિત વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત

## સમાજ કલ્યાણ વિભાગની નિષ્ક્રિય કામગીરી : રાજકીય કિન્નાખોરીનો ભોગ બન્યા હોવાનો દલિત વિદ્યાર્થીઓનો રાગ આલોપતા નેતાઓ

મોડાસા, તા. ૨૫

આંકડાકીય માયાજાળો રચવી કે ભ્રામકતા ઉભી કરવી અને તેની સામેની વાસ્તવિકતા વચ્ચે ઘણુ અંતર છે. ગતિશિલ ગુજરાતમાં શિક્ષણ વિભાગના વિવિધ પ્રકારની યોજનાઓ રજુ કરી પ્રજાજનોને ગુમરાહ કરવામાં આવી રહ્યા છે. બીજીબાજુ અરવલ્લી જિલ્લાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ૧૦૦૦થી વધુ દલિત સમાજના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ના વર્ષની શિષ્યવૃત્તિથી વંચિત રહી ગયાની બહાર આવતા શિક્ષણ વિભાગ સામે વધુ એક આક્રોશનો જંગ આકાર લઈ રહ્યાનુ જાણવા મળ્યું છે. વારંવાર રીમાઈન્ડ કરવા છતાં દલિત છાત્રોની શિષ્યવૃત્તિ ન મળતા માધ્યમિક શાળાના આચાર્યો અને વિદ્યાર્થીઓ સહિત વાલીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે. દલિત વિદ્યાર્થીઓમાં અને તેમના મા-બાપને પોતે દલિત હોવાથી સરકારની કિન્નાખોરીનો ભોગ બની રહ્યાની લાગણી પ્રવર્તી રહી છે.



અરવલ્લી જિલ્લામાં ૧૦૦૦થી વધુ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા દલિત સમાજના છાત્રોને દર વર્ષે ૨૩૦૦ થી ૨૫૦૦ રૂ.ની શિષ્યવૃત્તિ આપવામાં આવતી હોય છે. સમાજ કલ્યાણ વિભાગ દ્વારા દલિત છાત્રોને ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ એમ બે વર્ષની શિષ્યવૃત્તિ ચુકવવામાં ન આવતા ગરીબવર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસ માટેનું સાહિત્ય ખરીદવા અને અન્ય ચીજવસ્તુઓ ખરીદવા માટે મુશ્કેલી અનુભવાઈ રહી છે. માધઅયમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને છેલ્લા બે વર્ષથી શિષ્યવૃત્તિ ચુકવાઈ ન હોવાથી આ માટે સંલગ્ન વહિવટીતંત્રને શાળાના આચાર્યો દ્વારા વારંવાર રજુઆત કરી ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં આજદિન સુધી શિષ્યવૃત્તિ ચુકવાઈ નથી.

વારંવાર રજુઆત કરવા છતાં દલિત વિદ્યાર્થીઓને બાકીના બે વર્ષની શિષ્યવૃત્તિ વહીવટીતંત્ર દ્વારા ઝડપથી પગલા ભરી દલિત વિદ્યાર્થીઓને ચુકવવામાં નહિ આવે તો આગામી દિવસોમાં દલિત સમાજ દ્વારા વધુ સરકારના એક અન્યાય સામે આંદોલન છેડવુ પડે તો નવાઈ નહિ.

લીંભોઈના દલિત સામાજિક અગ્રણી દ્વારા વર્તમાન રાજ્ય સરકાર સામે બળાપો કાઢી ભારપુર્વક જણાવ્યું હતું કે દલિત વિદ્યાર્થીઓ હોવાથી રાજકીય કિન્નાખોરીનો ભોગ બનતા હોવાની લાગણી સાથે સત્વરે શિષ્યવૃત્તિ ચુકવી દેવાની ઉગ્ર માંગ કરી હતી.

# નવાગામ ધનેલાની મહિલાને ડાકણ કહી માર મારતા ચાર વિરૂદ્ધ ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના નવાગામ ધનેલા ગામની મહિલાને તુ ડાકણી છે તેમ કહી ત્રણ પુરૂષ અને એક મહિલાએ રવિવારે માર મારી ઈજાઓ પહોંચાડી હતી. જે અંગે મહિલાએ ચારેય વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. વિજયનગર પોલીસમથકના પી.એસ.ઓ. મધુબેન બોદરના જણાવ્યા અનુસાર નવાગામના લાલજી બદાજી અસારી, લકસી બદાજી અસારી તેમના પિતા બદાજી મોનાજી અસારી અને જમનાબેન લકસીભાઈ અસારીએ તેમના કુટુંબની જ સવિતાબેન બાબુભાઈ રૂપસી અસારીની સાથે રવિવારે બપોરે તુ ડાકણી છે તેમ કહી અપશબ્દો બોલતા સવિતાબેને અપશબ્દો બોલવાની ના પાડી હતી. જેથી ઉશ્કેરાઈ જઈને લાલજીભાઈએ સવિતાબેનને લાકડાના બોથડ હથિયારથી માર માર્યો હતો. જ્યારે લકસીભાઈ તેની પત્નિ જમના અને તેના પિતા બદાજી મોનાજી અસારીએ સવિતાબેને ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ અંગે સવિતાબેને રવિવારે સાંજે લાલજી બદાજી અસારી, લકસીભાઈ, જમનાબેન, બદાજી વિરૂદ્ધ વિજયનગર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મહેસાણાના બાસણા ખાતે વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત વર્કશોપ યોજાયો

મહેસાણા, તા. ૨૫

મહેસાણા જિલ્લામાં મરચન્ટ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી બાસણા ખાતે વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત વર્કશોપ યોજાયો હતો. ડિસ્ટ્રીક ટોબેકો કંટ્રોલ સેલ, આરોગ્ય તંત્ર, જિલ્લા પંચાયત મહેસાણાને તાલુકા હેલ્થ ઓફિસ વિસનગરના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કલેક્ટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.





જિલ્લા કલેક્ટર આલોક કુમારે જણાવ્યું હતું કે યુવાવર્ગ વ્યસનથી દૂર રહી તંદુરસ્ત જીવન જીવવાનો અભિગમ અપનાવવો જોઈએ. જિલ્લા કલેક્ટરે ૮૦૦ યુવાનોને વ્યસન ના કરવા માટેના કારણો, વ્યસનથી થતા નુકશાન અને બજારમાં મળતી લોભામણી બ્યુટિ પ્રોડેક્ટ્સનો મોહ છોડી ઘરેલુ વસ્તુઓના ઉપયોગ પર ભાર મુકવા વિસ્તૃત સમજણ આપી હતી.

કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય તંત્ર ગદ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વ્યસનથી થતા શારીરિક, સામાજીક, આર્થિક નુકસાન વિશે સચિત્ર અને શાબ્દિક માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત કેન્સરના પ્રકાર, કેન્સરથી થતી શારીરિક અને આર્થિક તકલીફો વિશે પણ સમજ આપી હતી.

જિલ્લા કક્ષાના વર્કશોપમાં જિલ્લા આરોગ્ય અધિકારી ટી.કે. સોની, ટોબેકો કંટ્રોલના ડૉ. વિનોદ પટેલ સહિત આરોગ્યના અધિકારી, સંસ્થાના આચાર્ય, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# બાયડમાં ઉનાકાંડ મામલે દલિતોએ રેલી કાઢી નાયબ કલેક્ટરને આવેદન પત્ર આપ્યુ

ગુજરાતના ઉના તાલુકાના સમઢીયાળા ગામના ચાર દલિતો ઉપર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. આ મામલે ગુજરાતમાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શન હાલમાં ચાલુ છે. અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે આજરોજ બાયડ તાલુકા પંચાયતથી દલિતોની રેલી નીકળી હતી તે બાયડ નાયબ કલેક્ટર કચેરી જઈને નાયબ કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. બાયડમાં રેલી દરમિયાન કંઈ પણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોર તેમજ જિલ્લા પોલીસતંત્ર ખડે પગે ઉભા રહી બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# ડીસાના વિરેન પાર્કના મકાનમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ડીસાના વિરેન પાર્કના એક રહેણાંક મકાનમાં જુગાર રમાતો હોવાની માહિતી મળતા દક્ષિણ પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં રહેણાંક મકાનમાં તીન પત્તીનો જુગાર રમતા ૫ શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જેથી પોલીસે ૫ શખ્સોની અટકાયત કરી રૂ. ૧૧,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસામાં શ્રાવણ મહિનાની શરૂઆત પૂર્વેજ જુગારીયાઓ સક્રિય થઈ ગયા છે. ત્યારે ડીસાના વિરેન પાર્કમાં જુગાર રમાતો હોવાની ખાનગી રાહે બાતમી મળતા દક્ષિણ પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં વિરેન પાર્ક ભાગ ૨ માં રહેતા પીંકેશ હરેશભાઈ સિંધીના મકાનમાં તપાસ કરતા ૫ શખ્સો સંજય રમેશભાઈ સોની, રહે. સોનીબજાર, કનુ અમરતભાઈ ઠાકોર રહે. લાલચાલી વિસ્તાર, શોભરાજ ફતુમલ સિંધી રહે. વિરેનપાર્ક ભાગ-૨, પીંકેશ હરેશભાઈ સિંધી રહે. વિરેનપાર્ક ભાગ-૨, ચંદન પ્રેમભાઈ માળી રહે. બેકરી વ્હોળા વિસ્તાર તમામ રહે. ડીસા તીન પત્તી જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. તેમજ પોલીસે તેમની પાસેથી રૂ. ૧૦,૮૦૦ રોકડ અને રૂ. ૧૦૦૦ની કિંમતના મોબાઈલ સહીત ૧૧,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યોહતો. જ્યારે તમામ આરોપીઓ સામે જુગારધારા એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ.ડી. ચૌધરી ચલાવી રહ્યા છે.